Ref.(I.T.) No.11/2012
Order Under Ex-209

## ઔદ્યોગિક ન્યાય પંચ નં.૨ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

રેફરન્સ (આઈ.ટી.) નં.૧૧/૨૦૧૨

પ્રથમ પક્ષકાર :– સંજીવની હોસ્પિટલ
(સંજીવની આરોગ્ય ટ્રસ્ટ ચલથાણ સંચાલિત)

::– વિ રૂ ઘ્ધ –::

બીજા પક્ષકાર :– સંજીવની હોસ્પિટલમાં કામ કરતા
કામદારો/કર્મચારીઓના યુનિયન પ્રતિનિધિ તરીકે...
સુરત લેબર યુનિયન (રજી.નં.જી–૧૦૫૦)

પ્રથમ પક્ષકાર તરફે :– વિ.વ.શ્રી જે.બી.જરીવાલા
બીજા પક્ષકાર તરફે :– યુનિયન પ્રતિનીધિ શ્રી દિપકભાઈ પીપરોળીયા

## : વચગાળાની રાહત મેળવવા માટેની આંક–૨૦૯ ની અરજી નીચે હુકમ :

**(૧)** બીજા પક્ષકાર તરફેની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૧૫/૦૭/૨૦૨૪ ના રોજના પત્રથી શ્રીમતી ભીખીબેન જયંતિભાઈ સોલંકીને ૫૮ વર્ષની ઉંમર પુરી થતી હોવાનું જણાવી તા.૨૬/૦૮/૨૦૨૪ ના રોજ તેઓની નોકરીની વયમર્યાદા સમાપ્ત થતી હોવાનું તથા નોકરીનો ચાર્જ સુપ્રત કરવા જણાવેલ છે. મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં ૬૦ વર્ષની વય નિવૃત્તિ હોવા છતાં સદર કામદારની ૫૮ વર્ષે નિવૃત્તિ ગેરકાયદેસર રીતે કરવા માંગે છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા કામદાર/કર્મચારીઓને ૬૦ વર્ષે નિવૃત્ત કરવા અંગેની માંગણી સંદર્ભે શ્રમ આયુકતશ્રીની કચેરી ગુજરાત રાજ્ય તરફથી સદર માંગણી ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમ) અધિનિયમ હેઠળ આવરી લેવાયેલ હોઈ સદર માંગણી ઔદ્યોગિક વિવાદ બનતી ન હોઈ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવતી નથી તેવું જણાવેલ. પ્રથમ પક્ષકાર સંસ્થાનો શ્રીમતી ભીખીબેન જયંતિભાઈ સોલંકીની નોકરીની વયમર્યાદા સમાપ્ત થતી હોવાનો હુકમ ખોટો, અન્યાયી,

ગેરકાયદેસર, ભેદભાવભર્યો, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો, કિન્નાખોરી વાળો તથા આઈ.ડી.એકટ અને મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સની જોગવાઈઓ વિરૂધ્ધનો જાહેર કરી પ્રથમ પક્ષકાર તથા તેમના હોદૃદારો તથા જવાબદાર માણસો અંતિમ એવોર્ડ જાહેર ન થાય ત્યાં સુધીના સમયગાળા દરમ્યાન શ્રીમતી ભીખીબેન જયંતિભાઈ સોલંકીની ૬૦ વર્ષની ઉંમર ન થાય ત્યાં સુધી તેમની નોકરીનો અંત આણે નહી તથા તેમની જગ્યાએ અન્ય કોઈની ભરતી કરે કરાવે નહી તથા સદર કામદારની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરે નહી તથા માસોમાસ નિયમિત કામદારોના પગારની ચુકવણીમાં વિલંબ કરે નહી તેવો વચગાળાનો જાથુકનો દરમ્યાન મનાઈ હુકમ પ્રથમ પક્ષકારને ફરમાવશો.

**(૨)** પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૧૮ થી બીજા પક્ષકારની હાલની અરજીનો લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં અરજીની હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, હાલના કિસ્સામાં પ્રથમ પક્ષકાર અને તેમના કામદારો વચ્ચે નિવૃત્તિ વયમર્યાદા બાબતે કરાર થયેલ છે અને કરાર અન્વયે હોસ્પિટલ તમામ કામદાર/કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષની ગણશે અને જે કોઈ કર્મચારી જે તારીખે ૫૮ વર્ષની ઉંમર પ્રાપ્ત કરશે તે તારીખથી ફરજમાંથી નિવૃત્તિ આપવા પાત્ર ગણાશે. આ કરારની નકલ જુદા લીસ્ટથી રજુ કરેલ છે અને તે પ્રમાણે ભીખીબેન જયંતિભાઈ સોલંકી તા.૨૬/૦૮/૨૦૨૪ ના રોજ નિવૃત્તિ વયે પહોંચતા તેઓની તા.૧૫/૦૭/૨૦૨૪ ના રોજનો નિવૃત્ત થતા અંગેની જાણ કરતો પત્ર આપવામાં આવે છે અને તેઓ તા.૨૬/૦૮/૨૦૨૪ ના સમય બાદ પ્રથમ પક્ષકારની ફરજમાંથી નિવૃત્ત થયેલ છે. જેથી બીજા પક્ષકાર તરફથી આપવામાં આવેલી હાલની અરજી કાયદેસર રીતે ચાલી શકતી નથી. ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમ) અધિનિયમની જોગવાઈ અન્વયે જો કોઈ તકરાર ઉપસ્થિત થાય તો તે તકરારનો નિર્ણય કલમ–૧૩ (એ) ની જોગવાઈ અન્વયે સ્પેસીફાઈડ લેબર કોર્ટ કરી શકે અને તેથી બીજા પક્ષકારની હાલની અરજી ચલાવવાની નામદાર ઔદ્યોગિક ટ્રીબ્યુનલને નથી અને તેથી પણ હાલની અરજી કાયદેસર રીતે ચાલી શકતી નથી.

**(૩)** બીજા પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધીશ્રી દિપકભાઈ પીપરોળીયાની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં તેઓની અરજી મુજબની હકીકતો જણાવેલ છે. બીજા પક્ષકાર

તરફે મુખ્યત્વે એવી દલીલ છે કે, પ્રથમ પક્ષકાર તરફેના લેખિત જવાબના પેરા–૨ ની હકીકત જોતાં સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની જણાવવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. જવાબના પેરા–૩ માં જણાવ્યા મુજબના સમાધાન કરારનો અમલ થયેલો નથી. કારણ કે તે સમાધાન કરારની શરત મુજબ કેસો પરત ખેંચાયેલ નથી. આ રીતે સદર કરાર અમલમાં આવેલ જ નથી. જેથી તે કરાર મુજબ ૫૮ વર્ષની ઉંમરે કામદારને નિવૃત્ત કરી શકાય નહી. કામદારને હાલમાં નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હોવાથી તેઓને નોકરીમાં પરત લે તેવો હુકમ કરવો જરૂરી છે અને તેવો હુકમ કરવા અરજ છે. આઈ.ડી.એકટની કલમ–૧૦(૪) હેઠળ ઔદ્યોગિક અદાલતને વડી અદાલત સમાન સત્તા છે. કામદારને ગ્રેજયુયીટી ચુકવેલ નથી અને કામદાર ગ્રેજુયુયીટી સ્વિકારવાના પણ નથી.

**(૪)** પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી જે.બી.જરીવાલાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં તેઓના લેખિત જવાબ મુજબની હકીકતો જણાવેલ છે અને મુખ્યત્વે એવી દલીલ છે કે, મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં કામદારની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની દર્શાવવામાં આવેલ છે પરંતુ તેમાં માલિક અને કામદાર કરાર, સમાધાન અથવા એવોર્ડથી નિવૃત્તિની વયમર્યાદા અંગે સંમત થયેલ હોય તેવી વયમર્યાદાનો પણ સમાવેશ છે. પ્રથમ પક્ષકાર તથા હાલના અજરદાર અને અન્ય કામદારો વચ્ચે કરાર થયેલ છે જેમાં હાલના અરજદારની સહી તથા ફોટો છે. જે કરારમાં નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષની નકકી કરવામાં આવેલ છે. આ કરાર મુજબ બીજા પક્ષકારે કેસ પરત ખેંચી લેવાનો હતો પરંતુ તેઓએ પરત ખેંચેલ નથી.આ તમામ હકીકતો જોતાં ૫૮ વર્ષે નિવૃત્તિ માટે હાલના અરજદાર સંમત થયેલ છે. જેથી હાલની અરજી ચાલવા પાત્ર નથી.

**(૫)** બીજા પક્ષકાર તરફેની હાલની અરજી ભીખીબેન જયંતિભાઈ સોલંકીને તા.૨૬/૦૮/૨૦૨૪ ના રોજ ૫૮ વર્ષની ઉંમરે વય નિવૃત્ત ન કરે તે માટે વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે કરવામાં આવેલ છે. સદર તારીખે નિવૃત્ત કરવા અંગેની જાણ પ્રથમ પક્ષકાર તરફથી તા.૧૫/૦૭/૨૦૨૪ ના રોજના પત્રથી ભીખીબેન જયંતિભાઈને કરવામાં આવેલ છે. હાલની અરજી તા.૨૩/૦૮/૨૦૨૪ ના રોજ રજુ કરવામાં આવેલ છે. તા.૨૪,૨૫,૨૬ ઓગષ્ટ–૨૦૨૪ જાહેર રજાના દિવસો હતા અને તા.૨૬/૦૮/૨૦૨૪ ના રોજ

ભીખીબેનને વય નિવૃત્ત કરવામાં આવેલા છે. રેફ.(આઈ.ટી.) નં.૧૧/૨૦૧૨ જે વિવાદોના નિર્ણય માટે અત્રેની અદાલતને સોંપવામાં આવેલ છે તે વિવાદોમાં નિવૃત્તિ વયમર્યાદા અંગેનો વિવાદ નથી. જેથી સદર રેફરન્સના આખરી નિર્ણયમાં નિવૃત્તિ વયમર્યાદા અંગેનો નિર્ણય કરવાનો નથી. આમ, સદર રેફરન્સના આખરી નિર્ણયમાં કામદારોની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની હોવાનું ઠરાવવાનું નથી કે ઠરાવી શકાય નહી. હાલની અરજી ભીખીબેન જયંતિભાઈ સોલંકીને ૫૮ વર્ષની ઉંમરે વય નિવૃત્ત ન કરે તેવો વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની છે. વય નિવૃત્તિની મર્યાદા ૬૦ વર્ષની ઉંમર નકકી કરવા અંગેનો મુળ વિવાદ ન હોઈ તે સંબંધી વચગાળાની દાદ વચગાળાના તબકકે ફરમાવી શકાય નહી. બીજા પક્ષકાર તરફેની રજુઆત મુજબ શ્રમ આયુકતશ્રીની કચેરીમાંથી નિવૃત્તિ વયમર્યાદા અંગે ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમ) અધિનિયમ હેઠળ આવરી લેવાયેલ હોવાને કારણે તે અંગેનો વિવાદ રીફર કરવામાં આવેલ નથી. બીજા પક્ષકાર તરફેની આ હકીકત વિચારણામાં લેવામાં આવે તો પણ નિવૃત્તિ વયમર્યાદા અંગેનો વિવાદ અદાલતને નિર્ણય માટે સોંપવામાં આવેલ ન હોય ત્યારે તેવા વિવાદનો નિર્ણય અદાલત કરી શકે નહી અને તેવા વિવાદ સંબંધી વચગાળાની કોઈ દાદ પણ મંજુર કરી શકાય નહી. આ ઉપરાંત,મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સની નિવૃત્તિ વયમર્યાદા અંગેની જોગવાઈ જોતાં પણ માલિક અને કામદાર વચ્ચે થયેલ સમજુતી મુજબની વયમર્યાદા ગણવા અંગેની જોગવાઈ છે. પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ પ્રથમ પક્ષકાર અને કામદાર વચ્ચેના કરારની નકલ વંચાણે લેતાં, ભીખીબેન જયંતિભાઈ સાખીયાની સહી તથા ફોટો છે. હાલની અરજી સાથે રજુ થયેલ અરજદારના આધાર કાર્ડની ઝેરોક્ષ વંચાણે લેતાં, સાખીયા ભીખીબેન જયંતિલાલ તે રીતે નામ દર્શાવવામાં આવેલ છે. આમ, પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ કરારમાં હાલની અરજીના અરજદારની સહી હોવાનું ફલીત થાય છે. સદર કરારનો અમલ લેબર કોર્ટ, ઔદ્યોગિક અદાલત તથા નામદાર ગુજરાત વડી અદાલતમાં ચાલતા કેસો પરત ખેંચાઈ જાય ત્યાર બાદ કરવા નકકી કરવામાં આવેલ છે. જેથી આ કરાર મુજબ કામદારોએ અત્રેની કોર્ટમાંથી રેફરન્સ પરત ખેંચવાનો થાય પરંતુ પરત ખેંચવામાં આવેલ નથી. આ હકીકતો ધ્યાને લેતાં, મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં વય નિવૃત્તિ અંગેની કરવામાં આવેલ જોગવાઈ અંગેની તકરારનો નિર્ણય ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૩(એ) મુજબ લેબર કોર્ટ કરી શકે. આ ઉપરાંત, હાલની અરજીના અરજદારને તા.૨૬/૦૮/૨૦૨૪ ના રોજ

વયમર્યાદાના કારણે નિવૃત્ત કરવામાં આવેલા છે. જેથી હાલની અરજીના અરજદારની નોકરીનો પ્રથમ પક્ષકાર અંત આણે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવી શકાય નહી અને તેવો હુકમ નિરર્થક નીવડે.

બીજા પક્ષકાર તરફે નીચે મુજબના ચુકાદા રજુ કરવામાં આવેલ છે.

(૧) ૧૯૫૯(૨) એલ.એલ.જે.૫૪૪ (સુ.કો.)મેનેજમેન્ટ હોટેલ ઈમ્પીરીયલ, ન્યુ દિલ્હી વિ. હોટેલ વર્કર્સ યુનિયન.

(૨) ૧૯૬૬(૧) એલ.એલ.જે.૪૦૭ (સુ.કો.)બ્રીટીશ પેઈન્ટસ (ઈન્ડિયા) લીમીટેડ વિ. તેના કામદારો.

(૩) ૨૦૦૭(૨) એલ.એલ.એન.૮૧૭ (બોમ્બે)ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લીમીટેડ વિ.ટ્રાન્સપોર્ટ એન્ડ ડોક વર્કર્સ યુનિયન.

(૪) ૨૦૦૭ એલ.એલ.આર.૧૦૨૦(બોમ્બે) બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ ઓફ જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ વિ. નવહા શેવા પોર્ટ એન્ડ જનરલ વર્કર્સ યુનિયન.

બીજા પક્ષકાર તરફે રજુ થયેલ ઉપરોકત ચુકાદાઓ વંચાણે લેતાં, પડતર વિવાદની આનુષંગિક દાદ વચગાળાના તબકકે મંજુર કરી શકાય. આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ હાલની અરજીમાં માંગ્યા મુજબની દાદ અંગેનો વિવાદ અત્રેની અદાલતને સુપ્રત કરવામાં આવેલ નથી. જેથી આ ચુકાદાઓ બીજા પક્ષકારને મદદરૂપ બનતા નથી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલની અરજી મંજુર કરવી યોગ્ય અને ન્યાયોચીત જણાતું ન હોઈ નીચે મુજબ હકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

(૧) બીજા પક્ષકારની આંક–૨૦૯ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૧૪મી ઓકટોબર–૨૦૨૪ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨,સુરત.
જજ કોડ જીજે૦૦૫૬૧

(સ્ટેનો–સી.જી.ચૌધરી)